| | |
|---|---|
| રજુ તારીખ | ૨૫/૦૫/૨૦૧૨ |
| દાખલ તારીખ | ૨૫/૦૫/૨૦૧૨ |
| ફેંસલ તારીખ | ૦૧/૦૬/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ :૧૨ માસ:૦૦ દિન:૦૭ |

**મે. મજૂર અદાલત, અમદાવાદના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી વી.બી.ચૌહાણ સાહેબ સમક્ષ**

**રેફરન્સ(ટી) કેસ નં.૩૬૬/૨૦૧૨**
**આંક–૪૧**

**પ્રથમ પક્ષકાર:** **માલીક/મેનેજરશ્રી,**
**રબ્બરકીંગ ટાયર્સ ઈન્ડીયા પ્રા.લી.,**
**આશા રબ્બર પ્રા.લી. (જુનુ નામ),**
ઠે.પ્લોટ નં.૯, ૧૦, જી.આઈ.ડી.સી.,
હાંસલપુર, તા.વિરમગામ, જી.અમદાવાદ

**– : : વિરૂધ્ધ – ::**

**બીજા પક્ષકાર :** **ગણપતભાઈ હરજીવનભાઈ પ્રજાપતિ,**
ઠે.મુ.પો.દસલાણા, તા.વિરમગામ, જી.અમદાવાદ
C/o. ગુજરાત મઝદુર યુનિયન,
૭૧, પટેલ ચેમ્બર્સ, ને.હાઈવે નં.૮,
બાપુનગર, અમદાવાદ

**હાજર રહયા :** પ્રથમ પક્ષકાર તરફે શ્રી કે.એચ.પટેલ
બીજા પક્ષકાર તરફે શ્રી જી.જી.પ્રજાપતિ

**–:: એ વો ર્ડ::–**

**1.** હાલના રેફરન્સના કામે આ હુકમમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળા**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

**2.** આઈ.ડી.આર. કેસ નંબર–૭૯/૨૦૧૨ ના કામે સમાધાન અધિકારી અને મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદ વિભાગ ધ્વારા તેમના હુકમ ક્રમાંક–નાશ્રઆ/અવિ/ટે.નં.૧૧/આઈ.ડી.આર.નં.૭૯/૨૦૧૨/૧૧૦૯૯, તા.૩૧/૦૩/૨૦૧૨ થી હાલનો વિવાદ

ઔદ્યોગિક વિવાદ (સુધારા) અધિનિયમ ૨૦૧૦ ની જોગવાઈ અનુસાર સીધો મજુર અદાલતમાં દાખલ કરવા બીજા પક્ષકાર કામદારને જણાવતા હાલના કામે આંક–૧ થી રજુ રેફરન્સ કેસ બીજા પક્ષકાર કામદાર ધ્વારા તા.૨૫/૦૫/૨૦૧૨ ના રોજ મજુર અદાલત, અમદાવાદ ખાતે દાખલ કરવામાં આવેલ છે.

**3.** ત્યારબાદ અરજદારે આંક–૧ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેની ટુંકી હકીકત નીચે મુજબ છે.

અરજદારે જણાવેલ છે કે, તેઓ સામાવાળા કંપનીમાં કાયમી જગ્યા પર કાયમી પ્રકારની કાયમી ફરજો બજાવતા હતા. તેઓનો હોદ્દો પટાવાળા તરીકેનો હતો. સામાવાળા કંપનીમાં તેઓ પટાવાળા તરીકેની તમામ કામગીરી કરતા હતા. તેમનો દૈનિક પગાર છેલ્લો રૂ.૨૪૦/– હતો જે માસિક ધોરણે ગણતરી કરીને ચુકવી આપતા હતા. તેમની નોકરીનો સમય સવારના ૮:૦૦ થી રાત્રીના ૮:૦૦ સુધીનો હતો. તેઓ જે કામ કરતા હતા તે કાયમી પ્રકારનુ હતુ. તેઓએ સળંગ આખું વર્ષ ૨૪૦ દિવસથી વધારે દિવસ કાયમી ફરજો બજાવેલી છે. તેમના કામ બાબતમાં સામાવાળા તરફથી કોઈ પ્રકારની ફરીયાદ કે અસંતોષ ન હતો. સામાવાળા કંપની પ્રા.લી. કંપની છે. જેમાં ઘણા બધા કામદારો કામ કરે છે. જેને તમામ મજુર કાયદાઓ જેવા કે આઈ.ડી.એકટ, બોનસ, ગ્રેજયુઈટી, વિમા યોજના, પી. એફ. વગેરે કાયદાઓ લાગુ પડે છે. અરજદારને કોઈ પણ જાતના વાંક ગુના વગર તા. ૦૮/૧૧/૨૦૧૧ ના રોજથી ગેરકાયદેસર માત્ર મૌખિક હુકમથી છુટા કરેલ છે. તે છુટા કરતા અગાઉ સામાવાળાએ અરજદારને નોટીસ, નોટીસ પગાર, બેકારી વળતર, ગ્રેજયુઈટી કાયદેસરના હકક હિસ્સા વગેરે આપેલા નથી. ત્યારબાદ અરજદાર વારંવાર નોકરીએ કામ ની માંગણી કરવા જતા તેઓને નોકરીમાં રાખેલ નથી. સામાવાળાએ અરજદાર પાસેથી ચાલુ ફરજ દરમ્યાન કોરા કાગળ, વાઉચર વગેરેમાં સહીઓ કરાવી લીધેલ છે. આ બાબતે પણ તેઓ એ અગાઉ તા.૧૭/૦૧/૨૦૧૨ ના રોજ નોટીસ આપી કોરા કાગળ વાઉચરોમાં જે સહીઓ કરાવેલ છે તેનો દુરપયોગ ન કરવો અને પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત તેઓને નોકરીમાં રાખી લેવા તે અંગેની નોટીસ આપેલ. તેમ છતાં અરજદારને નોકરીમાં

રાખેલ નથી. સામાવાળાએ તા.૨૭/૦૧/૨૦૧૨ નો પત્ર રજી.એ.ડી. પોસ્ટથી તેમના યુનિયનને મોકલેલ છે. અરજદારે રાજીનામુ આપેલ નથી પરંતુ તેઓને નોકરીમાંથી છુટા કરેલ છે. ત્યારબાદ સામાવાળાએ તેમના ઘરના સરનામે તા.૨૪/૦૩/૨૦૧૨ નો પત્ર મોકલી આપી મે.બીરલા સનલાઈફ ઈન્સ્યોરન્સ કં.લી. માં કરવામાં આવેલ કલેઈમ મુજબ ગ્રેજયુઈટીના નાણાનો ચેક આવી ગયેલ છે તે મેળવી લેવા બાબતનો પત્ર લખેલ છે પરંતુ અરજદારને સામાવાળાએ નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કરેલ છે તે બાબતની અરજદારે તા.૧૭/૦૧/૨૦૧૨ ના રોજની નોટીસ પણ મોકલી આપી કામ પર ચઢવાની માંગણી કરેલ છે. અરજદાર બેકાર છે. અન્ય ઘણી જગ્યાએ કામ તેમજ નોકરી શોધવા પ્રયત્ન કરે છે પરંતુ નોકરી મળતી નથી. સામાવાળા કંપનીમાં કામે ચઢવા તૈયાર છે. સામાવાળા કંપની મુળ હાલતમાં મુળ જગ્યાએ મુળ સ્થિતિમાં ચાલુ છે. તેઓ જે કામ કરતા હતા તે કામગીરી ચાલુ છે. અરજદારે વધુમાં દાદ માંગતા જણાવેલ છે કે, સામાવાળાએ તેઓને તા. ૦૮/૧૧/૨૦૧૧ ના રોજથી તેમના કોઈ પણ જાતના વાંક ગુના વગર માત્ર મૌખિક હુકમથી ગેરકાયદેસર છુટા કરેલ છે તે સામાવાળાનુ પગલુ અયોગ્ય, અન્યાયી, આપખુદી, મનસ્વી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનુ, કાયદા વિરૂધ્ધનુ, ગરીબ કામદારને બેકાર બનાવવાના ઈરાદાવાળુ છે તેમ ઠરાવી તેઓને સામાવાળા પડેલા દિવસોના પુરેપુરા પગાર તમામ આનુષાંગિક લાભો સાતત્ય સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરે તેવો હુકમ કરવા તેમજ રેફરન્સ કેસ સામાવાળાના કસુરના કારણે કરવો પડેલ હોય ખર્ચના રૂા.૫૦૦૧ અપાવવા અરજ કરેલ છે.

**4.** આ કામે અરજદાર તરફે આંક-૨ થી વિ.પ્રતિનિધિશ્રી જી.જી.પ્રજાપતિનુ અધિકારપત્ર રજુ થયેલ છે. ત્યારબાદ સામાવાળા સંસ્થાને આંક-૩ થી નોટીસની બજવણી કરવામાં આવતા તેઓને નોટીસ બજી ગયેલ છે જેની એકનોલેજમેન્ટ સ્લીપ આ કામે આંક-૪ થી રજુ થયેલ છે. તેમજ તેઓ તરફેથી આંક-૫ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં માંગણા ના નિવેદનમાં જણાવેલ હકીકતોનો ઈન્કાર કરેલો છે. વધુમાં જણાવેલ છે કે, તેઓ સામાવાળા કંપનીમાં પટાવાળા તરીકે તા.૦૧/૧૧/૧૯૯૫ ના રોજ નોકરીમાં જોડાયેલ

હતા. તેઓનો છેલ્લો પગારનો દર દૈનિક રૂા.૨૭૧.૪૦/– હતો. અરજદારના કામ અંગે કે અન્ય બાબતો અંગે તેઓને કોઈ મનદુ:ખ ન હતુ પરંતુ તેઓ ચાલુ કામના સમયે નોકરીમાં સુઈ જતા પકડાયેલ હોય તેવુ બનતુ હતુ તે માટે તેઓ માફી પણ માંગતા હતા. આ સિવાય તેઓએ ઘણી વખત એક યા બીજા પ્રકારની ગેરવર્તણુંકો આચરેલ હતી. કંપનીએ તેઓને આ અંગે વારંવાર સુધરવાની તકો પણ આપેલ હતી. અરજદારે તેમના ત્યા તા. ૦૧/૧૧/૨૦૧૧ ના રોજ રાજીનામુ આપેલ હતુ. તેઓએ પોતાનુ રાજીનામુ પોતાના કૌટુંબીક કારણોસર આપેલ હતુ તે રાજીનામુ સ્વીકારી તેઓને તાત્કાલીક નોકરીમાંથી છુટા કરવામાં આવે તેવી વિનંતી પણ કરેલ હતી. તેઓની વિનંતી મુજબ તેમના રાજીનામાનો સ્વીકાર પણ કરવામાં આવેલ હતો. તેમજ તે રાજીનામુ સ્વીકારી તા.૦૮/૧૧/૨૦૧૧ ના રોજથી ફરજનો સમય પુરો થયેથી છુટા થયેલ ગણાશે તેવુ જણાવી તેઓને તા. ૦૮/૧૧/૨૦૧૧ સુધી કામ કરવા જણાવેલ હતુ. ત્યારબાદ તેઓએ પોતાના કાયદેસરના હકકો દિન–૭ માં મેળવી લેવા જણાવેલ અને ગ્રેજયુઈટી મેળવવા માટે આઈ ફોર્મ મોકલી આપવા વિનંતી કરેલ. ત્યારબાદ તેઓ રૂબરૂ આવી તેમના કાયદેસરના હકકો મેળવી ગયેલ હતા. ત્યારબાદ ઘણા મહીનાઓ બાદ ગુજરાત મઝદુર યુનિયન તરફથી તેઓને એક પત્ર તા.૧૭/૦૧/૨૦૧૨ ના રોજનો મોકલી આપવામાં આવેલ હતો. જેથી તેઓએ તેમના તા.૨૭/૦૧/૨૦૧૨ ના રોજના પત્રથી સાચો જવાબ મોકલી આપેલ હતો. અરજદારે નોકરીમાં પુન:સ્થાપિત થવાનો વિવાદ ઉપસ્થિત કરેલ પરંતુ તે બાબતે સામાવાળાને કોઈ નોટીસ મળેલ ન હતી. અરજદારને ગ્રેજયુઈટીનો ચેક ઈન્સ્યોરન્સ કંપની તરફથી આવેલ રૂા.૪૨,૫૭૬/– નો ચેક મેળવી લેવા જણાવેલ હતુ પરંતુ તે લેવા તેઓ આવેલ નથી. અરજદારે સ્વેચ્છાએ રાજીનામુ આપેલ હતુ. આમ અરજદારની દાદ નામંજુર કરવા અરજ કરેલ છે.

**5.** આ કામમાં અરજદાર તરફેથી નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે.

**<u>– : : મૌખિક પુરાવો : : –</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર ગણપતભાઈ હરજીભાઈ પ્રજાપતિનું સોગંદનામું. | ૭ |

આ કામમાં અરજદારે આંક–૩૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**6.** આ કામમાં સામાવાળાએ નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

**– : : મૌખિક પુરાવો : : –**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સાહેદ વિમલ જશવંતલાલ પટેલનુ સરતપાસનું સોગંદનામું. | ૩૩ |

**– : : દસ્તાવેજી પુરાવો : : –**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક/ માર્ક |
|---|---|---|
| **1.** | ગુજરાત મઝદુર યુનિયન તરફથી મોકલી આપવામાં આવેલ તા. ૧૭/૦૧/૨૦૧૨ ના રોજનો પત્ર અસલ (કવર સાથેનો) | ૬/૧ |
| **2.** | નં.૧ માં જણાવેલ પત્રનો કંપનીએ મોકલી આપેલ તા. ૨૭/૦૧/૨૦૧૨ ના રોજના જવાબની કોમ્પ્યુટર કોપી | ૬/૨ |
| **3.** | નં.૨ માં જણાવેલ પત્ર મળ્યાની રજી.પો.એ.ડી. ની પહોંચ | ૬/૩ |
| **4.** | નં.૨ માં જણાવેલ પત્રની નકલપોલીસ ઈન્સ્પેકટરશ્રીને મોકલી આપેલ તે નકલ મોકલ્યાની રજી.પો.એ.ડી. ની પાકી પહોંચ | ૬/૪ |
| **5.** | નં.૨ વાળા પત્રની બીજી વધારાની કોપી જે નાયબ શ્રમ આયુકત ની કચેરીમાં સરકારી મજુર અધિકારીશ્રીને રૂબરૂમાં આપ્યાની સહી સિકકાવાળી નકલ | ૬/૫ |
| **6.** | નં.૨ વાળા પત્રની બીજી વધારાની કોપી જે નાયબ શ્રમ આયુકત ની કચેરીમાં નાયબ લેબર કમિશ્નરશ્રીને રૂબરૂમાં આપ્યાની સહી સિકકાવાળી નકલ | ૬/૬ |
| **7.** | નં.૨ વાળા પત્રની બીજી વધારાની કોપી જે ડાયરેકટર ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થની કચેરીમાં કારખાના ધારા નિરીક્ષકશ્રીને રૂબરૂમાં આપ્યાની સહી સિકકાવાળી નકલ | ૬/૭ |
| **8.** | અરજદારનુ તા.૧૬/૦૧૧/૨૦૦૨ ના રોજનુ માફીપત્ર અસલ | ૬/૮ |
| **9.** | અરજદારનુ તા.૦૮/૦૨/૨૦૦૩ ના રોજનુ માફીપત્ર અસલ | ૬/૯ |

| | | |
|---|---|---|
| **10.** | અરજદારનુ તા.૦૭/૧૨/૨૦૦૩ ના રોજનુ માફીપત્ર અસલ | ૬/૧૦ |
| **11.** | અરજદારનુ તા.૨૧/૦૩/૨૦૦૧ ના રોજનુ માફીપત્ર અસલ | ૬/૧૧ |
| **12.** | અરજદારનુ તા.૦૧/૧૧/૨૦૧૧ ના રોજનુ રાજીનામુ અસલ | ૬/૧૨ |
| **13.** | નં.૧૨ માં જણાવેલ રાજીનામુ કંપની ધ્વારા સ્વીકારવામાં આવ્યુ તેની સ્વીકૃતિ પત્રની કાર્બન કોપી | ૬/૧૩ |
| **14.** | અરજદારને ચુકવી આપવામાં આવેલ રૂા.૫૧૧૫/- નુ તા. ૧૫/૧૧/૨૦૧૧ ના રોજનુ વાઉચર અસલ | ૬/૧૪ |
| **15.** | અરજદારને ચુકવી આપવામાં આવેલ રૂા.૧૫૪૧/- નુ તા. ૦૮/૧૧/૨૦૧૧ ના રોજનુ વાઉચર અસલ | ૬/૧૫ |
| **16.** | અરજદારને ચુકવી આપવામાં આવેલ રૂા.૩૧૩૮/- નુ તા. ૦૯/૧૧/૨૦૧૧ ના રોજનુ વાઉચર અસલ | ૬/૧૬ |
| **17.** | બીરલા સનલાઈફ ઈન્સ્યોરન્સ કં.લી. ને મોકલેલ તા. ૨૯/૧૧/૨૦૧૧ ના રોજના પત્રની કોમ્પ્યુટર કોપી | ૬/૧૭ |
| **18.** | નં.૧૨ સાથે મોકલી આપવામાં આવેલ ગ્રેજયુઈટી કલેઈમ | ૬/૧૮ |
| **19.** | બીરલા સનલાઈફ ઈન્સ્યોરન્સ કંપની તરફથી મળેલ તા. ૦૨/૧૨/૨૦૧૧ ના રોજના પત્રની કાર્બન કોપી | ૬/૧૯ |
| **20.** | નં.૧૯ ના પત્ર સાથે આવેલ રૂા.૪૨,૫૭૬/- ના ચેકની ઝેરોક્ષ | ૬/૨૦ |
| **21.** | અરજદારને મોકલેલ તા.૨૪/૦૩/૨૦૧૨ ના રોજની પત્રની કોમ્પ્યુટર કોપી | ૬/૨૧ |
| **22.** | નં.૨૧ માં જણાવેલ પત્ર રજી.એ.ડી. કર્યાની મની રીસીપ્ટ | ૬/૨૨ |
| **23.** | રજી.એ.ડી. ની પહોંચ અસલ | ૬/૨૩ |
| **24.** | અરજદારને મોકલી આપવામાં આવેલ તા.૧૬/૦૪/૨૦૧૪ ના રોજની પત્રની કોમ્પ્યુટર કોપી (બિડાણ સાથે) | ૧૧/૧ |
| **25.** | નં.૧ માં જણાવેલ પત્ર રજી.એ.ડી. કર્યાની મની રીસીપ્ટ અસલ | ૧૧/૨ |
| **26.** | નં.૧ માં જણાવેલ પત્ર મળ્યાની રજી.પો.એ.ડી.ની પાકી પહોંચ | ૧૧/૩ |
| **27.** | અરજદારે મોકલી આપેલ તા.૨૩/૦૪/૨૦૧૪ ના રોજનો પત્ર અસલ કવર સાથે | ૧૧/૪ |
| **28.** | નં.૪ ના પત્ર સાથે પરત મોકલી આપેલ રૂા.૪૨,૫૭૬/- નો ચેક અસલ | ૧૧/૫ |
| **29.** | અરજદારે આપેલ પસર્નલ ઈન્ફોર્મેશન દર્શાવતુ ફોર્મ અસલ | ૧૪/૧ |
| **30.** | અરજદારે આપેલ બાયોડેટાનુ ફોર્મ અસલ | ૧૪/૨ |

| | | |
|---|---|---|
| **31.** | અરજદારે આપેલ રજાની અરજી અસલ | ૧૪/૩ |
| **32.** | અરજદારે આપેલ સરનામામાં ફેરફાર કરતો પત્ર અસલ | ૧૪/૪ |
| **33.** | અરજદારે આપેલ પગારનુ સર્ટીફીકેટ મેળવવા માટેની અરજી | ૧૪/૫ |
| **34.** | અરજદારને આપવામાં આવેલ તા.૧૧/૦૮/૨૦૦૬ ના રોજનુ પ્રમાણપત્ર | ૧૪/૬ |
| **35.** | અરજદારે ગેસ કનેકશન લેવા માટે નોકરીનુ પ્રમાણપત્ર લેવા માટે આપેલ અરજી અસલ | ૧૪/૭ |
| **36.** | અરજદારે રૂા.૧૫૦/– મળેલ હોવા બાબતે આપેલ રસીદ | ૧૪/૮ |
| **37.** | અરજદારના જન્મ તારીખના દાખલાની નકલ | ૧૪/૯ |
| **38.** | અરજદારને આપવામાં આવેલ રૂા.૫૦૦૦/– લોનવાળુ વાઉચર અસલ | ૧૪/૧૦ |
| **39.** | અરજદારે લોન મેળવવા માટે આપેલ અરજી | ૧૪/૧૧ |
| **40.** | અરજદારને લોન તરીકે ચુકવેલ રકમની તા.૩૦/૦૬/૨૦૧૧ ના રોજનુ વાઉચર | ૧૪/૧૨ |
| **41.** | અરજદારે આપેલ લોનનુ અરજી ફોર્મ | ૧૪/૧૩ |
| **42.** | સામાવાળા કંપનીનુ કામદારોને ઓળખકાર્ડ રજીસ્ટર અસલ | ૧૪/૧૪ |
| **43.** | સ્પે.સી.એ.નં.૧૪૬૩૪/૨૦૧૬ માં નામ.હાઈકોર્ટે આપેલ હુકમ ની અસલ | ૧૮ |

આ કામમાં સામાવાળાએ આંક–૩૪ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે.

**7.** આ કામમાં અરજદાર તરફેથી વિ.પ્રતિનિધિશ્રીએ મૌખિક દલીલો કરેલ છે, જયારે સામાવાળા તરફેથી આંક–૩૮ થી લેખીત દલીલો રજુ થયેલ છે. તેમજ તેઓએ આંક–૪૦ થી ચુકાદાઓની નકલ રજુ રાખેલ છે.

**8.** ઉપરોકત વિગતે રજુ થયેલ પક્ષ નિવેદન તેમજ બંને પક્ષ તરફે રજુ થયેલ પુરાવા અને દલીલ આધારે મારી સમક્ષ હાલના કેસમાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–::મુદ્દાઓ::–</u>**

(૧) શું આ કામના અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલા છે ?

(૨) શું આ કામના અરજદાર તેઓની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહીત, સળંગ નોકરી સહીત પુન:સ્થાપિત થવાની દાદ મેળવવા કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ ?

**9.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**– : : નિ ર્ણ યો : : –**

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**10.** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયોના મારા કારણો નીચે મુજબના છે.

**– : : કા ર ણો : : –**

**11.** આ કામમાં તકરારી બાબતોની ચર્ચા કરતા પહેલા કેસ રેકર્ડ અન્વયે જે નિર્વિવાદીત બાબત છે તે અત્રે નોંધવી જરૂરી બને છે.

- આ કામના અરજદાર સામાવાળી સંસ્થાના પટાવાળા તરીકે કામ કરતા હોવાની હકીકત નિર્વિવાદીત છે. વધુમાં અરજદારના કથન મુજબ તેઓ ઘણા વર્ષોથી કામગીરી કરતા હતા. સામાવાળાએ તેમના લેખીત જવાબમાં અરજદાર તા. ૦૧/૧૧/૧૯૯૫ ના રોજથી નોકરીમાં દાખલ થયેલ હતા તેવું કથન કરેલ છે. પરંતુ અરજદારે સળંગ નોકરી કરેલ ન હતી તેવું કોઈ કથન કરેલ નથી. આ સંજોગોમાં અરજદાર આઈ.ડી.એકટની કલમ ૨(એસ) મુજબ કામદાર હોવાનું અને કલમ ૨૫(બી) મુજબ તેઓએ સામાવાળી સંસ્થામાં સળંગ નોકરી કરેલ હોવાની હકીકત નિર્વિવાદીત છે.

**12.** ***મુદ્દા નં.(૧) અને (૨) સંયુકત ::–***

હવે આ કામમાં અરજદાર આઈ.ડી.એકટની કલમ ૨(એસ) મુજબ કામદાર હોવાનું અને કલમ ૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલ હોવાની હકીકત જયારે નિર્વિવાદીત હોય ત્યારે અરજદારને ઔદ્યોગિક વિવાદ ધારાની આજ્ઞાત્મક જોગવાઈનો ભંગ કરીને સામાવાળા

એ નોકરીમાંથી છુટા કરેલ છે કે કેમ? તેની ચર્ચા કરવાની રહે છે. આ સંદર્ભે આઈ.ડી.એકટ ની કલમ–૨૫(એફ) ની જોગવાઈઓ અત્રે નોંધવી જરૂરી છે.

**<u>૨૫(એફ) : કામદારોની છટણીની પુર્વ શરતો.</u>**

***કોઈ માલીક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી :***

*(ક) તે કામદારને છટણીનાં કારણો દર્શાવતી એક મહિનાની લેખિત નોટીસ આપવામાં આવી ન હોય અને નોટીસની મુદ્દત પૂરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસને બદલે નોટીસની મુદ્દત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી :*

*પરંતુ,*

*(ખ) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ ન હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને*

*(ગ) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં સુધી,*

***કરી શકશે નહી. ''***

ઉપરોકત જોગવાઈ મુજબ અરજદારને સામાવાળાએ છટણી કરેલ છે કે કેમ તે હકીકતની ચર્ચા કરવાની રહે છે અને તે માટે છટણીની વ્યાખ્યા કલમ–૨(૦૦) માં કરેલ છે. તે નોંધવી જરૂરી બને છે.

**કલમ–૨(૦૦) 'છટણી'** એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલીકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ, પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી,

(એ) કામદારની સ્વેચ્છાપુર્વકની નિવૃત્તી અથવા

(બી) માલીક અને સબંધિત કામદાર વચ્ચેના રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃત્તી વયે પહોંચતા કામદારની નિવૃત્તી, અથવા

(બીબી) માલીક અને સબંધીત કામદાર વચ્ચેના રોજગારના કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાયેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિ અથવા

(સી) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ :

ઉપરોકત વિગતે અરજદારનું કથન જોવામાં આવે તો તેઓએ સંસ્થામાં કોઈ રાજીનામું આપેલ નથી અને તેઓને કોઈપણ જાતના હકકો મળેલ નથી તેમજ સળંગ ઘણા વર્ષોની નોકરી હોવા છતાં ગ્રેજયુઈટી કે બીજા કોઈ લાભ આપેલ ન હોવાનુ કથન કરેલ છે. જયારે સામાવાળાએ એવું કથન કરેલ છે કે, અરજદારે તા.૦૧/૧૧/૨૦૧૧ ના રોજ રાજીનામું આપી તેમના કાયદેસરના હકકોની રકમ દિન–૭ માં મેળવી નોકરીમાંથી છુટા થઈ ગયેલ છે. ત્યારે હાલના કેસમાં પક્ષકારો વચ્ચે રાજીનામા બાબતેની તકરાર હોવાનું જણાય આવે છે. વઘુમાં જો અરજદારે સ્વેચ્છાપુર્વક રાજીનામું આપેલ હોય અને નોકરીમાંથી છુટા થયેલ હોય તો તે રીતે નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય છટણીના પર્યાયામાં પડતું નથી. ત્યારે હાલના કેસમાં તે બાબતની ચર્ચા કરવાની થાય છે કે શું અરજદાર જણાવે છે તે રીતે ખોટી રીતે નોકરીમાંથી છુટા કરેલ છે અથવા તો તેમણે સ્વેચ્છાપૂર્વક રાજીનામું આપેલ છે. આ સંદર્ભે **નામદાર મદ્રાસ હાઈકોર્ટ** સમક્ષનો **એન.એથીરાજ વિરુઘ્ઘ મેનેજમેન્ટ ઓફ ગંગા ટેક્ષટાઈલ્સ પ્રા.લી.કોઈમ્બતુર, ૧૯૯૮–એલએલઆર– ૯૨૯** નો ચુકાદો જોવામાં આવે તો તેમાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે, લેબર કોર્ટ જયારે વિવાદ સંદર્ભે કામદારને કામ આપવાનું બંઘ કરેલ છે તે યોગ્ય છે કે કેમ? તેનો નિર્ણય કરતી વખતે તેની સાથેનો આનુસાંગીક પ્રશ્ન એટલે કે કામદારે નોકરીમાંથી રાજીનામું આપેલ છે કે કેમ? તેનો નિર્ણય કરે તો લેબર કોર્ટ તેને આપવામાં આવેલ હકુમતને ઉપરવટ જતી નથી.

હાલના કેસમાં પડેલ પુરાવા આઘારે ચર્ચા કરવામાં આવે તો અરજદારે આંક–૭ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. તેઓની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓએ માર્ક ૬/૧૨ થી સામાવાળાએ રજુ કરેલ રાજીનામામાં તેઓની સહી ન હોવાની હકીકત જણાવે છે. અરજદારે સ્વેચ્છાએ તેમાં લખેલ લખાણ તેમના હસ્તાક્ષરમાં નથી તેવું જણાવેલ છે,

પરંતુ આ હકીકત તેઓએ તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ નથી. અરજદારે તેમના માંગણાના નિવેદનમાં તેમની પાસે ચાલુ ફરજ દરમ્યાન કોરા કાગળ, વાઉચર વગેરેમાં સહી ઓ કરાવી લીધેલ હોવા બાબતે તેમજ તેઓને અગાઉ તા.૧૭/૦૧/૨૦૧૨ ના રોજ નોટીસ આપી તે કોરા કાગળ વાઉચરોમાં જે સહીઓ કરાવેલ છે તેનો દુરઉપયોગ ન કરવા અંગે નોટીસ આપેલ હોવાનુ કથન કરેલ છે, પરંતુ અરજદારે આ અંગે ચાલુ નોકરી દરમ્યાન સામાવાળા સંસ્થાના કોઈ અધિકારી કે મજુર અધિકારીને આ અંગે કોઈ લેખિતમાં ફરીયાદ કરેલ નથી. તેઓએ લખાણ તેમના હસ્તાક્ષરમાં ન હોવાની હકીકત જણાવેલ છે પરંતુ આ કામે રાજીનામા સિવાય અન્ય દસ્તાવેજો પણ રજુ થયેલ છે. જેમાં અરજદારના હસ્તાક્ષર થયેલ છે. વધુમાં અત્રેની કોર્ટ રૂબરૂ આંક-૨૯ થી અરજદારના હસ્તાક્ષરમાં લખાણ લખવા માં આવેલ છે. આ તમામ લખાણ જોવામાં આવે તો એકસમાન હોવાનુ તથા એક જ વ્યકિત ના હસ્તાક્ષર હોવાનુ સ્પષ્ટપણે જણાય આવે છે. આ કામના અરજદારને સામાવાળા સંસ્થા ધ્વારા જે હકક હિસ્સાની રકમ ચુકવવામાં આવેલ છે તેના વાઉચરમાં પણ અરજદારની સહી કરેલ છે. આ કામના સામાવાળા ધ્વારા ખોટી રીતે કોરા કાગળનો ઉપયોગ કરેલ હોવાની હકીકત અરજદારે જણાવેલ છે. ત્યારે સામાવાળાએ સહી કરેલા કોરા કાગળનો ખોટી રીતે ઉપયોગ કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની જવાબદારી અરજદાર ઉપર રહેલી છે. વધુમાં અરજદારની આગળની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓએ એ હકીકત કબુલ કરેલ છે કે કંપનીમાં સહી જબરજસ્તીથી લેવામાં આવેલ તે બાબતે તેઓએ સામાવાળા વિરુધ્ધ કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી. વધુમાં નિ.૬/૧૨ નો દસ્તાવેજ જોવામાં આવે તો તેમાં અરજદારને રાજીખુશીથી રાજીનામું આપી છુટા થયેલ હોવાનું અને કાયદેસર નીકળતા તમામ હકકના નાણા પુરેપુરા મળી ગયેલ હોવાનું જણાવેલ છે. અરજદારે હાલના કેસમાં તેમના મૌખિક પુરાવા સિવાય બીજો કોઈ જ દસ્તાવેજી પુરાવો કે અન્ય કોઈ સાહેદનો મૌખિક પુરાવો સામાવાળાએ તેમની પાસેથી રાજીનામું લખાવી લીધેલ હોવાની હકીકત પુરવાર કરવા માટે રજુ કરેલ નથી. આમ રેકર્ડ ઉપર સામાવાળાએ જે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે તે સંદર્ભે અરજદારની ઉલટતપાસ જોવામાં આવે તો અરજદારે જે તે વખતે

રાજીનામું આપેલ હોવાનું અને તેઓને હકકની રકમ મળેલ હોવાનું પુરવાર થાય છે. અરજદારે તેઓ પાસેથી રાજીનામું લખાવ્યા બાદ તુરંત જ તે રાજીનામું પરત ખેંચતા હોવા અંગેનો કોઈ જ પત્ર સામાવાળાને લખેલ નથી કે સામાવાળાએ તેઓને છેતરેલ હોય તે બાબતે કોઈ ફોજદારી કાર્યવાહી કરેલ નથી. ત્યારે રેકર્ડ ઉપર જે હકીકત પુરવાર થાય છે તે આધારે અરજદારે સામાવાળી સંસ્થામાંથી રાજીનામું આપેલ હોવાનું પુરવાર થાય છે અને તે રીતે અરજદારની નોકરી સમાપ્ત થયેલ હોય, જેથી નોકરી સમાપ્તિનું કૃત્ય છટણીના પર્યાયમાં પડતું નથી અને જયારે અરજદારની નોકરીમાંથી છટણી જ થયેલ ન હોય તો ત્યારે કલમ ૨૫(એફ), (જી) કે (એચ) ની જોગવાઈનું પાલન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**13.** આ કેસમાં આ તબકકે રાજીનામા સંદર્ભેના અમુક ચુકાદૃાઓ ધ્યાને લેવા જરૂરી બને છે. તે સંદર્ભે **નામદાર સુપ્રીમ કોર્ટ** સમક્ષનો **નોર્થ ઝોન કલ્ચરલ સેન્ટર વિરુઘ્ધ વેદપતી દિનેશકુમાર, ૨૦૦૩(૨)–એલએલજે–૮૩૯** નો ચુકાદૃો જોવામાં આવે તો તેમાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે, રાજીનામું સ્વીકાર્યા બાદ તે અસરકારક બની જાય છે અને તેની સ્વીકૃતિની જાણ નહીં કરવાથી તે બીનઅમલી બની જતું નથી. ત્યારબાદ **નામદાર સુપ્રીમ કોર્ટ** સમક્ષનો **કમીટી ઓફ મેનેજમેન્ટ, દયાનંદ આર્ય કન્યા ડીગ્રી કોલેજ, મુરાદાબાદ વિરુઘ્ધ ડાયરેકટર, હાયર એજયુકેશન, અલ્હાબાદ, ૧૯૯૮–એલએલઆર–૯૩૩** નો ચુકાદૃો જોવામાં આવે તો તેમાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે રાજીનામું એકવાર સ્વીકારી લેવા માં આવે ત્યારપછી નોકર માલીકનો સંબંધ સમાપ્ત થઈ જાય છે. ત્યારબાદ **નામદાર અલ્હાબાદ હાઈકોર્ટ** સમક્ષનો **ડેલ્ટા એન્જીનીયરીંગ કંપની પ્રા.લી. વિરુઘ્ધ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ–૫, મેરઠ, ૧૯૯૮–એલએલઆર–૬૨૨** નો ચુકાદો જોવામાં આવે તો તેમાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે, જો કામદાર એવું જણાવતા હોય કે તેમની સહીઓ કોરા કાગળો પર લેવામાં આવેલ હતી અને પાછળથી તેનો રાજીનામા તરીકે ઉપયોગ કરેલ છે, તો તે હકીકત પ્રાથમિક દૃષ્ટિએ પુરવાર કરવાની જવાબદારી કામદાર ઉપર રહેલી છે. હાલના કેસ માં અરજદાર તરફેથી તેમના માંગણાના નિવેદનમાં તેમની પાસે કોરા કાગળ ઉપર સહીઓ

કરાવેલ હોવાનું કથન કરેલ છે, પરંતુ તેઓને છેતરીને સહીઓ કરાવેલ હોવાની હકીકત પુરવાર કરેલ નથી. ત્યારબાદ **નામદાર કર્ણાટકા હાઈકોર્ટ** સમક્ષનો **કર્નલ શ્રીકાંત એસ. એમ. વિરુધ્ધ ભારત અર્થ મુવર્સ લીમીટેડ, ૧૯૯૮–એલએલઆર–૧૧૦૯** નો ચુકાદ્દો જોવામાં આવે તો તેમાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે, સ્વૈચ્છીક રાજીનામું એકવાર સ્વીકારાઈ ગયા બાદ વિડ્રો થઈ શકે નહીં. ત્યારબાદ **નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટ** સમક્ષનો **હીરા મીલ્સ ઉજ્જૈન વિરુધ્ધ બાબુ, ૧૯૯૮–એલએલઆર– ૫૨૪** નો ચુકાદ્દો જોવામાં આવે તો તેમાં એવું ઠરાવેલ છે કે, જો કર્મચારી એવો આક્ષેપ કરતા હોય કે રાજીનામું સ્વીકારવામાં આવેલ તે સ્વૈચ્છીક નથી, તો તે પુરવાર કરવાની જવાબદારી કર્મચારીની છે. ત્યારબાદ **નામદાર મદ્રાસ હાઈકોર્ટ** સમક્ષનો **રવિન્દ્રન ટી. વિરુધ્ધ પ્રીસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, કોઈમ્બતુર, ૨૦૦૨(૩)– એલએલજે–૧૬૦** નો ચુકાદો જોવામાં આવે તો તેમાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે, કર્મચારીએ રાજીનામું સ્વીકાર થયા બાદ વિડ્રો કરેલ હોય તો તેને કોઈ દાદ મળી શકે નહીં. ત્યારબાદ **નામદાર બોમ્બે હાઈકોર્ટ** સમક્ષનો **મેસર્સ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન વિરુધ્ધ સી.આર.સીંઘોટે, ૨૦૦૧–એલએલઆર– ૩૪૧** નો ચુકાદ્દો જોવામાં આવે તો તેમાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે રાજીનામું ફરજીયાતપણે આપવામાં આવેલ ન હોય ત્યારે કર્મચારી પુન:સ્થાપિત માટે હકકદાર બનતા નથી. ઉપરોકત ચુકાદ્દાના સિધ્ધાંતો હાલના કેસમાં પણ લાગુ પડે છે અને તે મુજબ જયારે અરજદારે સ્વેચ્છાએ રાજીનામું આપેલ હોય, અને તેઓને મળવાપાત્ર હકકની રકમ મળી ગયેલ હોય ત્યારે અરજદાર હાલના કેસમાં કોઈપણ પ્રકારની દાદ મેળવવા હકકદાર બનતા નથી. તેથી મુદ્દા નં.(૧) અને (૨) બન્નેનો જવાબ **નકારમાં** આપવામાં આવે છે અને મુદ્દા નં.(૩) સંદર્ભે આખરી હુકમ નીચે મુજબની વિગતે ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

**– : : હુકમ : : –**

(૧) અરજદારનો હાલનો રેફરન્સ કેસ આથી નામંજુર યાને કરવામા આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્ય પધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૦૧/૦૬/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ)
CODE : GJ01045
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.